**અમદાવાદના એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબ**

**(કોર્ટ નં.૨૨) ની કોર્ટમાં,**

**ફો.કેસ નં. ૯૩૯૧૫/૨૦૨૩**

ફરીયાદી : સરકારશ્રી

વિરૂધ્ધ

આરોપી : કાંતીભાઈ કરમણભાઈ દેવીપૂજક.

**ગુન્હો :– ધી પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) તથા જિ.પી.એકટની કલમ–૧૧૦, ૧૧૭ મુજબ.**

(૧) ફરીયાદપક્ષના આક્ષેપ મુજબ આ કામના આરોપીએ આંક–૦૧ ની હકીકતે ગુનો કરેલ છે. આરોપીની ગુના સંબંધે પ્લી નોંધતા, આરોપીએ ગુનાનો સ્વૈચ્છીક એકરાર કરેલ છે અને અલગથી કબુલાત પુરસીસ રજુ કરેલ છે.

(૨) આરોપીએ ગુનાનો એકરાર સ્વૈચ્છીક રીતે કરેલ હોય, આરોપીની કબુલાત સ્વૈચ્છીક હોવાથી હું તેવી કબુલાત સ્વીકારું છું. આરોપીએ અદાલત સમક્ષ પારાવાર પસ્તાવો વ્યકત કરેલ હોય, ભવિષ્યમાં આવા પ્રકારનો ગુનો નહીં કરવાની ખાત્રી આપતા હોય, આ કામના આરોપીએ ગુનાનો એકરાર કરેલ હોય, આરોપીને સજા કરવી જોઈએ તેમ માનું છું. આરોપીની કબુલાત પુરસીસ વંચાણે લેતાં તેમજ આરોપપક્ષે અદાલત સમક્ષ કરવામાં આવેલી રજુઆતો લક્ષમાં લેતાં, ગુના સબબ કલમમાં ન્યુનતમ સજા નિયત કરેલ હોવા છતાં ન્યનતમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકે છે.

સદર કામના આરોપીએ સદર ગુનાની સ્વૈચ્છીક રીતે કબુલાત કરેલી છે. આમ, આરોપીની ગુના કબુલાત સ્વૈચ્છીક હોવાની ખાત્રી કરી કબુલાત રેકર્ડ કરવામાં આવેલ છે. આરોપીની ગુના કબુલાત લક્ષમાં લેવામાં આવી. આરોપી કુટુંબનો એકમાત્ર કમાનાર વ્યકિત હોવાનું જણાય છે. તેઓ ગુનાનો અફસોસ વ્યકત કરે છે તેમજ ભવિષ્યમાં આવો કોઈ ગુનો નહીં કરવાની ખાત્રી આપે છે. વધુમાં, જો ઓછી સજા કરવામાં આવે તો તેઓ સમાજમાં માનભર્યું જિવન જીવી

શકે તેવા પ્રયત્ન કરી શકે તેમ છે. તે સંજોગોમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના ૨૦૦૫ (૧) જી.એલ.આર. ૭૦૯ (સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર ઠાકોર) વાળા ચુકાદાને લક્ષમાં લેતા આરોપીને મિનીમમ સજા કરતાં પણ ઓછી સજા કરવા પુરતા અને વ્યાજબી કારણો જણાય છે. વધુમાં, તાજેતરમાં નામ.સુપ્રિમ કોર્ટની સુઓમોટો રીટ પીટીશન (ક્રિમીનલ) નં. ૦૪/૨૦૨૧ તથા સ્પે.લીવ પીટીશન (ક્રિમીનલ) નં. ૫૨૯/૨૦૨૧ ના કામે કરેલ આદેશ અન્વયે ડાયરેકશન ઈસ્યુ કરવામાં આવેલ છે તેને નજર સમક્ષ રાખી જોતાં, ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરું છું.

**–: હુ ક મ :–**

આ કામના આરોપીને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ– ૨૫૫(૧) અન્વયે ધી પ્રોહી. એકટની કલમ–૬૬(૧)(બી), ૮૫(૧) તથા જિ.પી.એકટની કલમ–૧૧૦, ૧૧૭ મુજબના શિક્ષાનેપાત્ર ગુન્હામાં દોષીત ઠરાવી રૂા.૨૦૦/– (રૂપિયા બસ્સો પુરા) નો દંડ અને જો દંડ ના ભરે તો દિન–૦૧ ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ : ૦૯ મી, માહે: સપ્ટેમ્બર, સને:૨૦૨૩ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી, સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તા.૦૯/૦૯/૨૦૨૩

(કુ. ભારતીજી.રાઠોડ)
UIC NO. GJ001481
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૨૨, અમદાવાદ.